**(૨૦)**

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (૧૦)**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? (૫)**

| | અર્થ | પાઠ |
|---|---|---|
| ૧. કેઈ | **કોઇ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. પડિક્કંતો | **પાપકર્મોથી નિવૃત્ત થઈને** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૩. અપ્પડિહય | **અપ્રતિહત** | **સામાયિકના સાતમા પાઠમાં** |
| ૪. જત્તા ભે | **આપની સંયમયાત્રા સુખરૂપ છે?** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૫. નિયમં | **મારા નિયમની/મર્યાદા કરી** | **સામાયિકના છટ્ઠા પાઠમાં/નવમા વ્રતમાં** |

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

| | અશુદ્ધ | શુદ્ધ | પાઠ |
|---|---|---|---|
| ૧. પજ્જુવાસ્સામિ | **અશુદ્ધ** | **પજ્જુવાસામિ** | **સામાયિકના બીજા પાઠમાં** |
| ૨. જતા ભે | **અશુદ્ધ** | **જત્તા ભે** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૩. તિ કટ્ટુ | **–** | **શુદ્ધ** | **સંથારાના પાઠમાં** |
| ૪. અદિટ્ઠહડાએ | – | **શુદ્ધ** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૫. સવ્વક્ષુણં | **અશુદ્ધ** | **સવ્વક્ષૂણં** | **સામાયિકના સાતમા પાઠમાં** |

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. પ્રથમ કર્મગ્રંથમાં શું છે? બીજા કર્મગ્રંથનું નામ શું છે? શા માટે? (૨×૨)

**જ. પ્રથમ કર્મગ્રંથમાં કર્મવિપાક બતાવવામાં આવ્યો છે. બીજા કર્મગ્રંથનું નામ કર્મસ્તવ છે કારણ કે બીજા ક્રમગ્રંથ માં કયા ગુણસ્થાને કઈ કઈ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું પ્રરૂપણ કર્યું છે.**

૨. બીજા ગુણસ્થાનના અંતે કેટલી પ્રકૃતિનો બંધ વિચ્છેદ અને કેટલી પ્રકૃતિનો અબંધ? કયા કર્મની કેટલી?

**જ. બીજા ગુણસ્થાનના અંતે ૨૫ પ્રકૃતિનો બંધ વિચ્છેદ અને ૨ પ્રકૃતિનો અબંધ. દર્શનાવરણીય–૩, મોહનીય–૫, આયુષ્ય–૧, નામ–૧૫, ગોત્ર–૧. અબંધ આયુષ્ય–૨.**

૩. મતિજ્ઞાનાવરણીય કર્મ સમકિતી જીવ કયા ગુણસ્થાને બાંધે? (૧)

**જ. મતિજ્ઞાનાવરણીય કર્મ સમકિતી જીવ ૨, ૪ થી ૧૦ ગુણસ્થાને બાંધે.**

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે? (૫)**

૧. અશાતા વેદનીય ૨. પરાઘાત નામ ૩. રતિ ૪. મનુષ્ય આયુષ્ય ૫. સાદિ સંસ્થાન

| જ. | બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧. અશાતા વેદનીય | **૧ થી ૬ ગુણસ્થાન સુધી** | **૬ ટ્ઠા ગુણસ્થાન છેડે** |
| ૨. પરાઘાત નામ | **૧ થી ૮ મા ગુણ.ના છટ્ઠા ભાગ સુધી** | **૮ મા ગુણ.ના છટ્ઠા ભાગના છેડે** |
| ૩. રતિ | **૧ થી ૮ મા ગુણ.ના સાતમા ભાગ સુધી** | **૮ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. મનુષ્ય આયુષ્ય | **૧, ૨, ૪ થા ગુણસ્થાને** | **૪ થા ગુણસ્થાનના છેડે** |
| ૫. સાદિ સંસ્થાન | **૧, ૨ જા ગુણસ્થાને** | **૨ જા ગુણસ્થાનના છેડે** |

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અકરિસ્સં ચાહં કારવેસુ ચાહં કરઓ આવિ સમણુન્ને ભવિસ્સામિ, એયાવંતિ સવ્વાવંતિ લોગંસિ કમ્મ સમારંભા પરિજાણિયવ્વા ભવંતિ – આ ગાથાનો ભાવાર્થ લખો. (૩)

**જ. મેં કર્યું, હું પાપકર્મ કરાવીશ અને પાપકર્મ કરતાને હું રૂડું જાણીશ. આ રીતે ત્રણ કાળના કરવા–કરાવવા અને**

**અનુમોદવાના મન-વચન અને કાયાથી = ૨૭ ભંગ થાય છે. સંપૂર્ણ લોકમાં આટલી જ કર્મ સમારંભ ક્રિયાઓ જાણવા યોગ્ય છે.**

૨. અણગાર કોને કહેવાય? મોક્ષદર્શી કોણ છે? (૨)

**જ. જે સરળ આચરણવાળો હોય, રત્નત્રયરૂપી મોક્ષમાર્ગને પ્રાપ્ત હોય, જે અમાયી-કપટ રહિત હોય તે અણગાર છે. જે બાહ્ય અને અંતરંગ કર્મ આવવાના કારણોનું છેદન કરે છે, તે જ આ સંસારમાં મોક્ષદર્શી છે.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેવના અનગામનનું ચોથું કારણ લખો. (૨×૩)

**જ. દેવલોકમાં તત્કાળ ઉત્પન્ન થયેલા દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત તથા તલ્લીન બની જાય છે એટલે એને મનુષ્યલોકની ગંધ પ્રતિકૂળ અને અમનોજ્ઞ લાગે છે કારણ કે મનુષ્યલોકની ગંધ પહેલા અને બીજા આરામાં ૪૦૦ યોજન અને બાકીના આરામાં ૫૦૦ યોજન સુધી આ પૃથ્વીથી ઉપર ઉછળે છે.**

૨. ત્રીજી સુખશય્યા લખો.

**જ. જેમ કે કોઈ પુરુષ મુંડિત થાય યાવત્ પ્રવ્રજિત થઈને દેવસંબંધી તથા મનુષ્યસંબંધી કામભોગોની આશા નથી કરતો યાવત્ અભિલાષા નથી કરતો. એ પ્રમાણે દેવસંબંધી તથા મનુષ્યસંબંધી કામભોગોની આશા ન કરતો થકો યાવત્ અભિલાષા ન કરતો થકો, મનને ઊંચું-નીચું નથી કરતો. આ કારણથી ધર્મભ્રષ્ટ નથી થતો અને સંસાર પરિભ્રમણ નથી કરતો.**

૩. પુરુષ અને શ્રાવકનો બીજો વિસામો કયો છે? (૨×૨)

**જ. જ્યાં ભારને મૂકીને તે મળ-મૂત્ર વિસર્જન કરવા જાય છે ત્યાં તેનો બીજો વિસામો.**
**શ્રાવકનો બીજો વિસામો-જ્યારે સામાયિક, દેશાવગાસિક વ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરે ત્યારે વિસામો.**

૪. દિશા-વિદિશાના કયા ચાર સ્થાન સમાન કહ્યા છે?

**જ. ૧) પ્રથમ નરકનો સીમંતક નામનો નરકાવાસ ૨) સમયક્ષેત્ર એટલે કે અઢીદ્વીપ ૩) ઉડુ વિમાન એટલે કે સૌધર્મ દેવલોકનો પ્રથમ પ્રસ્તટ ૪) ઈષત્પ્રાગભાર નામની પૃથ્વી.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાબલ મુનિએ સ્ત્રી નામ ગોત્રનું ઉપાર્જન કેવી રીતે કર્યું?

**જ. મહાબલ મુનિએ અને છ બાલમિત્રોએ એક સમાન તપશ્ચર્યાદિ અનુષ્ઠાન કરવાના નિશ્ચયવાળા સાત અણગારોમાંથી સમય જતા બધા કરતા ચઢિયાતા થવા માટે મહાબલ મુનિ કપટપૂર્વક એક ઉપવાસ વધુ કરવા લાગ્યા અને તે કપટના ફળસ્વરૂપે સ્ત્રી નામ ગોત્રનું ઉપાર્જન કર્યું.**

૨. અનર્થનું કારણ શું છે? મહાબલે તીર્થંકર નામ ગોત્ર કેવી રીતે બાંધ્યું?

**જ. ઉગ્ર તપવાન, સંયમવાન અને ઉત્કૃષ્ટ ફળને મેળવનાર સાધક જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મ વિષયક પણ માયા કરે, તો એ માયા તેના માટે અનર્થનું કારણ બને છે. વીસ સ્થાનકની આરાધના દ્વારા મહાબલ મુનિએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું.**

૩. મલ્લિનાથ ભગવાનની અવગાહના, વર્ણ, આયુષ્ય લખો. મોક્ષમાં કેટલા સાથે ગયા?

**જ. મલ્લિનાથ ભગવાનની અવગાહના-૨૫ ધનુષ ઊંચા, વર્ણ-પ્રિયંગુ સમાન નીલો, આયુષ્ય-૫૫૦૦૦ વર્ષ. ૫૦૦ સાધ્વીઓ અને ૫૦૦ સાધુ સાથે મોક્ષમાં ગયા.**

૪. ઔદારિક શરીરના પુદ્ગલોનું પરિણમન શા માટે અશુભ છે?

**જ. ઔદારિક શરીરમાંથી કફ, વમન, પિત્ત, શુક્ર, શોણિત, પરુ આદિનું વારંવાર નિઃસરણ થયા જ કરે છે તથા આ શરીર દ્વારા ઉચ્છ્વાસ-નિચ્છ્વાસ કાઢનારું, અશુચિરૂપ મૂત્ર અને દુર્ગંધિત મળથી પરિપૂર્ણ છે. સડવું, પડવું, છેદન કરવું, નષ્ટ થવું તેનો સ્વભાવ છે.**

૫. મહાબલના માતા-પિતા-નગરી-પત્નીના નામ લખો.

**જ. માતા–ધારિણી રાણી, પિતા–બલ રાજા, નગરી–વીતાશોકા, પત્ની–કમલશ્રી આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ.**

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કાલકુમાર અને રથમૂસલ સંગ્રામનું વર્ણન કરો.

**જ. કોઈ એક વખતે કાલકુમાર ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથો, ૩૦૦૦ ઘોડા અને ૩ કરોડ મનુષ્ય લઈને ગરુડ વ્યૂહમાં ૧૧ મા ખંડ–અંશના ભાગીદાર કોણિક રાજાની સાથે રથમૂસલ સંગ્રામ કરવા પ્રવૃત્ત થયો.**

૨. કાલકુમારનું મૃત્યુ કેવી રીતે થયું?

**જ. જ્યારે કાલકુમાર ચેટક રાજાની સામે આવ્યો ત્યારે ચેટક રાજાએ ક્રોધાધિભૂત થઈને યાવત્ મિસમિસાતા ધનુષ્ય ઉઠાવ્યું. ધનુષ્ય ઉઠાવીને બાણ હાથમાં લઈ ચડાવીને તેને કાન સુધી ખેંચ્યું અને ખેંચીને તેને જીવનથી અલગ કરી દીધો.**

૩. ચેલણા રાણીને ત્રીજા મહિને શું દોહદ ઉત્પન્ન થયો હતો?

**જ. તે માતાઓ ધન્ય છે, એમના જન્મ, જીવન સફળ છે, જે પોતાના પતિના કલેજાનું માંસ શૂળ પર ચડાવી તેલમાં તળીને, અગ્નિમાં શેકીને મદિરા સાથે પ્રસન્ન થતી, આસ્વાદન કરતી યાવત્ આપસમાં વહેંચતી દોહદ પૂર્ણ કરે છે.**

૪. ચેલણાને ઉદાસ જોઇને કોણિકે શું કહ્યું?

**જ. હે માતા ! એવું શું કારણ છે કે તમારા ચિત્તમાં સંતોષ, ઉત્સાહ, હર્ષ, આનંદ નથી. જ્યારે હું સ્વયં રાજ્યશ્રીનો ઉપભોગ કરતો યાવત્ સમય વ્યતીત કરી રહ્યો છું અર્થાત્ મારા રાજા થવાથી શું આપને સારું નથી લાગી રહ્યું.**

૫. અભયકુમારે પિતાને શું સાંત્વના આપી? ચેલણાનો દોહદ કોણે પૂરો કર્યો?

**જ. હે તાત ! આપ ભગ્ન મનોરથ યાવત્ ચિંતિત ન રહો હું એવો કોઇ ઉપાય કરીશ કે જેથી મારી નાની માતા ચેલણાદેવીના દોહદની પૂર્તિ થઈ જાય. ચેલણાનો દોહદ અભયકુમારે પૂરો કર્યો.**

**(૨૦)**

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચૂલણીપિતાને નિર્ભય જોઈ દેવે શું કહ્યું?

**જ. હે મૃત્યુને ચાહવાવાળા ચૂલણીપિતા ! જો તું ધર્મચ્યૂત ન થયો તો તારી માતા ભદ્રા સાર્થવાહી જે તારા માટે દેવ–ગુરુ સમાન પૂજનીય તથા દુષ્કર કામ કરવાવાળી છે, તેને ઘરેથી અહીં લાવીશ, લાવીને મારીશ, મારીને ઊકળતા તેલમાં તળીને માંસખંડોથી તારા શરીરને સિંચીશ, તેથી તું આર્તધ્યાન અને વિકટ દુઃખથી પીડિત થઈને અકાલમાં જ મૃત્યુને પ્રાપ્ત કરીશ.**

૨. ચૂલણીપિતાની નગરી–ઉદ્યાન–રાજાનું નામ શું હતું? કોની પાસે ધર્મ સાંભળ્યો? કોની જેમ વ્રત લીધા?

**જ. નગરી–વારાણસી, ઉદ્યાન–કોષ્ઠક, રાજા–જિતશત્રુ. ભગ. મહાવીર પાસે ધર્મ સાંભળ્યો. આનંદ શ્રાવક જેમ.**

૩. ભદ્રા સાર્થવાહીએ ચૂલણીપિતાને શું કહ્યું?

**જ. હે પુત્ર ! આવો કોઇ પુરુષ નહોતો યાવત્ તમારા નાના પુત્રને લાવીને માર્યો છે. આ તો કોઇ ઉપસર્ગ હતો એટલે જ તે આ ભયંકર દશ્ય જોયું છે અને તમારા વ્રત–નિયમ અને પૌષધ ખંડિત થયા છે. હે પુત્ર ! આ દોષસ્થાનની આલોચના કરો અને તપ પ્રાયશ્ચિત્ત સ્વીકારો.**

૪. ચૂલણીપિતા હાલમાં ક્યાં છે? કેટલું આયુષ્ય છે? ભવિષ્ય શું છે?

**જ. ચૂલણીપિતા હાલમાં સૌધર્મ દેવલોકમાં વતંસક મહાવિમાનના ઈશાન કોણમાં રહેલ અરુણપ્રભ વિમાનમાં છે. ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય છે. ત્યાંથી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દેવકી અત્યંત હર્ષિત થઈ તેનાથી શું થયું?

**જ. અત્યંત હર્ષને કારણે શરીર ફૂલવાને કારણે તેની કંચૂકીની દોરી તૂટી ગઈ અને ભૂજાઓ અને આભૂષણો તથા**

હાથની ચૂડીઓ તંગ થઈ ગઈ. જેવી રીતે વર્ષાની ધારા પડવાથી કદંબ પુષ્પો એકીસાથે વિકસિત થઈ જાય છે તે જ પ્રકારે તેના શરીરના બધા રોમો પુલકિત થઈ ગયા.

૨. હરિણગમૈષી દેવે કૃષ્ણ વાસુદેવને શું કહ્યું?

જ. હે દેવાનુપ્રિય ! દેવલોકના એક દેવ ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને તમારા સહોદર નાના ભાઈ તરીકે જન્મ લેશે અને બાલ્યાવસ્થા પછી યુવાવસ્થાને પ્રાપ્ત કરીને ભગવાન અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈ દીક્ષા લેશે.

૩. કૃષ્ણ વાસુદેવે માતાને ઉદાસ જોઇને શું પૂછ્યું?

જ. હે માતા ! જ્યારે હું પહેલા તમારા ચરણ–વંદન કરવા માટે આવતો હતો ત્યારે મને જોઇને તમારું હૃદય આનંદિત થઈ જતું હતું; પરંતુ આજે તમારું મુખ ઉદાસ અને ચિંતિત દેખાય છે. હે માતા ! આનું શું કારણ છે?

૪. વેરનો બદલો લેવા સોમિલે શું કર્યું?

જ. વેરનો બદલો લેવા સોમિલે નજીકમાં રહેલા તળાવમાંથી તેણે ભીની માટી લીધી અને ગજસુકુમાર મુનિના માથા પર પાળી બાંધી, સ્મશાનમાં બળી રહેલી એક ચિતામાંથી બળી રહેલા લાકડાના અંગારા લઈને તેણે એક તૂટેલા વાસણમાં ભર્યા અને બળબળતા અંગારા ગજસુકુમારના માથા પર મૂકી દીધા.

૫. છ મુનિઓએ ત્રીજા પ્રહરમાં ભગવાનને શું કહ્યું?

જ. હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો આજે છટ્ઠના પારણે અમે છએ મુનિ, ત્રણ સંઘાડામાં વિભાજન થઈ મુનિઓના કલ્પાનુસાર સામુદાયિક ભિક્ષા માટે દ્વારિકા નગરીમાં જઈએ.

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. સિયા હુ સીસેણ ગિરિં પિ ભિંદે, સિયા હુ સીહો કુવિઓ ણ ભક્ખે ।
સિયા ણ ભિંદિજ્જ વ સત્તિઅગ્ગં, ન યાવિ મુક્ખો ગુરુહીલણાએ ॥

અર્થ : કદાચ કોઈ વાસુદેવાદિ જેવા શક્તિશાળીના માથાની ટક્કરથી પર્વત પણ ચૂર ચૂર થઈ જાય અથવા કદાચ લાત મારીને જગાડેલો સિંહ પણ ન ખાય અથવા કદાચ તલવારની તીક્ષ્ણ ધાર પર મુક્કો મારવા છતાં પણ હાથ ન કપાય અર્થાત્ આ બધી અશક્ય વાતો પણ શક્ય બની જાય પરંતુ ગુરુની હિલના કરનાર દુર્બુદ્ધિ શિષ્યનો મોક્ષ ક્યારેય થતો નથી.

૨. મહાગરા આયરિયા મહેસી, સમાહિજોગે સુયસીલબુદ્ધિએ ।
સંપાવિઉકામે અણુત્તરાઈં, આરાહએ તોસઈ ધમ્મકામી ॥

અર્થ : ઉત્કૃષ્ટ જ્ઞાનાદિ ભાવરત્નોને પ્રાપ્ત કરવાના ઈચ્છુક, શ્રુત–ચારિત્રરૂપ ધર્માભિલાષી મુનિ જ્ઞાનાદિ રત્નો ના ભંડાર, શ્રુત–ચારિત્ર અને બુદ્ધિશાળી, સમાધિવંત, મહર્ષિ, આચાર્ય મહારાજની આરાધના કરે અને તેમની વિનય–ભક્તિ કરીને પ્રસન્ન રાખે.

૩. વિવિહગુણ તવોરએ ય ણિચ્ચં, ભવઈ ણિરાસએ ણિજ્જરટ્ઠિએ ।
તવસા ધુણઈ પુરાણપાવગં, જુત્તો સયા તવસમાહિએ ॥

અર્થ : મોક્ષાભિલાષી મુનિએ હંમેશા તપ સમાધિમાં જોડાયેલા રહેવું જોઇએ તેમ જ સતત વિવિધ ગુણયુક્ત તપમાં સંલગ્ન રહીને, આ લોક અને પરલોકના સુખોની આશા રાખ્યા વિના એકાંત કર્મનિર્જરા માટે તપ કરવું, આ પ્રકારના તપથી તે પૂર્વસંચિત પાપકર્મોનો નાશ થાય છે.

૪. ચઉવ્વિહા ખલુ વિણયસમાહી ભવઈ તંજહા–૧) અણુસાસિજ્જંતો સુસ્સૂસઈ ૨) સમ્મં સંપડિવજ્જઈ ૩) વેયમારાહઈ ૪) ણ ય ભવઈ અત્તસંપગ્ગહિએ ।

અર્થ : ખરેખર વિનય સમાધિ ચાર પ્રકારની હોય છે. જેમ કે ૧) જે ગુરુ પાસેથી જ્ઞાન શીખ્યા હોય તેમને પરમોપકારી જાણીને, જ્યારે તેઓ અનુશાસન કરે ત્યારે તેમની શિખામણ સાંભળવી. હંમેશા સેવા શુશ્રૂષા કરવી અને તેમની આજ્ઞા સાંભળવાની તૈયારી રાખવી ૨) ગુરુ આજ્ઞા સાંભળીને તેમનો અભિપ્રાય બરાબર સમજવો ૩) ત્યાર પછી ગુરુ આજ્ઞાનું પૂર્ણ પાલન કરવું અને શ્રુતજ્ઞાનની

**આરાધના કરવી ૪) અભિમાન ન કરવું અને આત્મપ્રશંસા ન કરવી.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. કેવી ભાષા બોલવાની નથી?

**જ. પર-પીડાકારી, નિશ્ચયકારી અને અપ્રિય ભાષા બોલતા નથી.**

૨. અસંવિભાગી એટલે શું?

**જ. આહાર-વસ્ત્ર જે પ્રાપ્ત થયા છે તેને વસ્તુની જરૂર છે તેને તે વસ્તુ ન આપવી તે અસંવિભાગી કહેવાય.**

૩. વીર શિરોમણિ કોણ છે?

**જ. ક્ષમા રાખવી તે સાધુનો ધર્મ છે એમ માનીને જે સાધુ કઠોર વચનરૂપી બાણને સમભાવે સહન કરે છે તે.**

**(૧૦)**

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જ્ઞાનાચારના ભેદના માત્ર શબ્દ લખો.

**જ. ૧) કાળ પ્રતિલેખના ૨) વિનય ૩) બહુમાન ૪) ઉપધાન ૫) અનિહ્નવ ૬) વ્યંજન ૭) અર્થ ૮) તદુભય.**

૨. ચારિત્ર આત્મા, કષાય આત્મા, યોગ આત્મા અને દ્રવ્ય આત્માનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા ચારિત્ર આત્મા, તેથી કષાય આત્મા અનંતગુણા, તેથી યોગ આત્મા વિશેષાધિક, તેથી દ્રવ્ય આત્મા વિશેષાધિક.**

૩. પાંચમા ગુણસ્થાને, પરમાધામીને, કીડીને, ૧૪ મા ગુણસ્થાને કેટલા અને કયા કયા આત્મા હોય?

**જ. પાંચમા ગુણસ્થાને-૭ આત્મા ચારિત્ર આત્મા વર્જીને, પરમાધામી-છ આત્મા જ્ઞાન આત્મા અને ચારિત્ર આત્મા વર્જીને, કીડી- ૭ આત્મા ચારિત્ર આત્મા વર્જીને, ૧૪ મા ગુણસ્થાને-૬ આત્મા તે જ્ઞાન આત્મા, દર્શન આત્મા, દ્રવ્ય આત્મા, ઉપયોગ આત્મા, ચારિત્ર આત્મા, વીર્ય આત્મા.**

૪. વ્યવહાર દયા અને દ્રવ્ય દયા એટલે શું?

**જ. વ્યવહાર દયા-જેવી શ્રાવકને દયા પાળવી કહી છે તે સાચવે. ઘરના કામકાજ કરતા જતના રાખવી તે.**
**દ્રવ્ય દયા-દેખાદેખીથી અથવા શરમથી જીવોની રક્ષા કરે અથવા કુળ આચારે દયા પાળે.**

૫. વીર્યાચારના કેટલા ભેદ છે? કયા કયા?

**જ. વીર્યાચારના ત્રણ ભેદ છે-૧) બળવીર્ય, ધર્મના કામમાં ગોપવે નહિ. ૨) પંચાચારના વિવિધ બોલમાં ઉદ્યમ કરે. ૩) શક્તિ ગોપવ્યા વિના કામ કરે.**

**(૧૦)**

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વંશા, મચ્છર, ચક્રવર્તીની માતા અને શક્રેન્દ્રને કઈ કઈ યોનિ હોય? (૪)

**જ. વંશા-શીત યોનિ, અચેત યોનિ, સંવુડા યોનિ. મચ્છર-શીત યોનિ, ઉષ્ણ યોનિ, શીતોષ્ણ યોનિ, સચેત, અચેત, મિશ્ર, વિયડા. ચક્રવર્તીની માતા-શીતોષ્ણ યોનિ, મિશ્ર યોનિ, સંવુડાવિયડા યોનિ, કચ્છા યોનિ. શક્રેન્દ્ર- શીતોષ્ણ યોનિ, અચેત, સંવુડા યોનિ.**

૨. સચિત્ત આદિ યોનિનો અલ્પ બહુત્વ લખો. (૨×૩)

**જ. સર્વથી થોડા મિશ્ર યોનિયા, તેથી અચેત યોનિયા અસંખ્યાતગુણા, તેથી અયોનિયા અનંતગુણા, તેથી સચેત યોનિયા અનંતગુણા.**

૩. જેની સમુદ્‌ઘાત સંપૂર્ણ લોકમાં હોય તેનો ઉપપાત ક્યાં હોય? તેમાં જીવના ભેદ કેટલા? કયા?

**જ. જેની સમુદ્‌ઘાત સંપૂર્ણ લોકમાં હોય તેનો ઉપપાત સંપૂર્ણ લોકમાં, બે ઊર્ધ્વ કપાટ તથા તેના તિર્ચ્છાલોકમાં, લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. તેમાં જીવના ભેદ ૩૧ હોય. ૫ સૂક્ષ્મ સ્થાવરના અપર્યા. પર્યા., પાંચ બાદર સ્થાવરના અપર્યાપ્તા, ૧ બાદર વનસ્પતિકાયનો પર્યાપ્તો અને ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા.**

૪. જેનો ઉપપાત સંપૂર્ણ લોકમાં હોય તેનું સ્વસ્થાન અને સમુદ્‌ઘાત લખો.

**જ. સમુદ્‌ઘાત સંપૂર્ણ લોકમાં, સ્વસ્થાન સંપૂર્ણ લોક, લોકના અસં.મા ભાગમાં, લોકના ઘણા અસં.મા ભાગમાં.**